

તુર્કીના અક્સરાયમાં વસંતઋતુના આગમન સાથે, ખીલેલા ખસખસના ફૂલોએ હસન પર્વતની આસપાસ મનોહર દૃશ્યો બનાવ્યા છે. પર્વતની તળેટીમાં છવાયેલા જીવંત લાલ ફૂલોએ મુલાકાતીઓ અને પ્રકૃતિ પ્રેમીઓને આ વિસ્તારમાં આકર્ષ્યા છે.

# TMCના મોટાભાગના ધારાસભ્યો ગેરહાજર રહેતા નિર્ધારિત બેઠક રદ

**કુલ** 80 ધારાસભ્યોમાંથી માત્ર 20 ધારાસભ્યો બેઠકમાં ભાગ લેવા માટે આવ્યા

**TMC** પ્રવક્તાએ કહ્યું : અભિષેક પરના હુમલાને કારણે ધારાસભ્યો ના આવી શક્યા

કોલકાતા, તા. 31 (PTI) : તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સુપ્રીમો મમતા બેનર્જીની અધ્યક્ષતામાં રવિવારે યોજાનારી પક્ષના નવા ચૂંટાયેલા ધારાસભ્યોની એક નિર્ધારિત બેઠક રદ કરવી પડી હતી. પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર, કુલ 80 ધારાસભ્યોમાંથી લગભગ ૭૫ ટકા ધારાસભ્યો આ બેઠકમાં હાજર નહોતા રહ્યા.

ટીએમસીના પ્રવક્તા કુણાલ ઘોષે ધારાસભ્યોની ગેરહાજરી પાછળ શનિવારે પક્ષના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જી પર થયેલા હુમલા અને ત્યારબાદ રવિવારે પક્ષના સાંસદ કલ્યાણ બેનર્જી પર થયેલા કથિત હુમલા બાદ ઊભી થયેલી અચાનક અને કટોકટીની ગ્રાઉન્ડ સ્થિતિને જવાબદાર ગણાવી હતી. કુણાલ ઘોષે પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીના કાલીઘાટ સ્થિત નિવાસસ્થાનની બહાર પત્રકારોને જણાવ્યું હતું કે, આ બેઠક અગાઉથી નક્કી કરાયેલી હતી. જો કે, અમારા નેતાઓ પર થયેલા હુમલા બાદ, અમારા ધારાસભ્યો ગ્રાઉન્ડ લેવલ પર વિરોધ પ્રદર્શનોનું આયોજન કરી રહ્યા છે, જેના કારણે અમારા કાર્યકરો પર પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી દીધી છે. કુણાલ ઘોષે કહ્યું કે જે ધારાસભ્યો ગેરહાજર રહ્યા છે, તેઓ ગ્રાઉન્ડ લેવલની સ્થિતિ સંભાળવામાં અને ધરપકડ કરાયેલા અમારા કાર્યકરોને મદદ કરવામાં વ્યસ્ત છે. આ ધારાસભ્યોએ વિધાનસભીય પક્ષને આ ઘટનાક્રમની જાણ કરી હતી અને વિનંતી કરી હતી કે જો શક્ય હોય તો આ બેઠક હાલ પૂરતી મુલતવી રાખવામાં આવે.

# ઉત્તપપ્રદેશ સરકાર મદરેસા બોર્ડના ટોપર્સને સન્માનિત કરશે

**10 ટોપર્સમાંથી** ટોચના 3 વિદ્યાર્થીઓને યુપી સરકાર દ્વારા ટેબ્લેટ અપાશે

લખનઉ, તા. ૩૧ (પીટીઆઈ) ૨૦૨૬ની મદ્રેસા બોર્ડની પરીક્ષાઓમાં સારું પ્રદર્શન કરનારા ટોચના મદરેસા વિદ્યાર્થીઓને લખનઉ આમંત્રિત કરવામાં આવશે અને સન્માનિત કરવામાં આવશે. એમ ઉત્તર પ્રદેશ સરકારે જણાવ્યું હતું.

મુન્શી/મૌલવી (માધ્યમિક) અને આલિમ (ઉચ્ચતર માધ્યમિક) પરીક્ષાઓના ટોચના ૧૦ વિદ્યાર્થીઓને લખનઉ આમંત્રિત કરી સન્માનિત કરવામાં આવશે. સત્તાવાર નિવેદનમાં જણાવ્યા અનુસાર, તેમાંથી દરેક કેટેગરીના ટોચના ત્રણ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવશે. જૂનના પ્રથમ સપ્તાહ દરમિયાન રાજ્યની રાજધાનીમાં એક વિશેષ સમારોહનું આયોજન કરવાનું નક્કી કરાયું છે. રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય મદ્રેસા શિક્ષણને આધુનિક, ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને અસરકારક બનાવવાનો છે જેથી લઘુમતી સમુદાયના વિદ્યાર્થીઓ મુખ્ય પ્રવાહ સાથે જોડાઈ શકે અને ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી શકે. ઉત્તર પ્રદેશ મદ્રેસા બોર્ડ પરીક્ષા ૨૦૨૬ માટે કુલ ૮૦,૯૩૩ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આમાંથી ૬૩,૨૧૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા અને ૫૫,૭૮૮ વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક પાસ થયા હતા. મુન્શી/મૌલવી (માધ્યમિક) અને આલિમ (ઉચ્ચતર માધ્યમિક) બંને કેટેગરીની મેરિટ યાદીમાં ટોચના ૧૦ રેન્ક ધારકોમાં પાંચ વિદ્યાર્થીઓ અને પાંચ વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. આ તમામનું સન્માન કરવામાં આવશે. એમ સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે.

મુન્શી/મૌલવી (માધ્યમિક) કેટેગરીમાં ચંદૌલીના મોહમ્મદ વસીમે પ્રથમ સ્થાન મેળવ્યું છે, મિર્ઝાપુરના મોહમ્મદ કાસિમ અલી બીજા સ્થાને રહ્યા છે અને ગોરખપુરની શાઈમા પરવીને ત્રીજું સ્થાન મેળવ્યું છે. આલિમ (ઉચ્ચતર માધ્યમિક) કેટેગરીમાં, વિદ્યાર્થિનીઓએ તમામ ટોચના ત્રણ સ્થાનો પર કબ્જો કર્યો છે. વારાણસીની જુમી ફરીન અને શાઈસ્તા પરવીન, તેમજ અમરોહાની ઉમ્મુલ ખૈરે ટોચના ત્રણમાં સ્થાન મેળવ્યું છે.

# 'ધ ગ્રેટ અમેરિકન સ્ટેટ ફેર'માં ટ્રમ્પ જોડાતા કેટલાક કલાકારો ખસી ગયા

**અમેરિકાની** ૨૫૦મી વર્ષગાંઠની ઉજવણીની શરૂઆત ખુદ પ્રમુખ ટ્રમ્પ કરાવશે એવી જાહેરાત થતા કેટલાક સંગીતકારો આ કાર્યક્રમમાં નહીં આવે

**ટ્રમ્પે** આ સંગીતકારોને થર્ડ ક્લાસ કલાકારો ગણાવીને આકરી ટીકા કરી

વોશિંગ્ટન, તા.૩૧(એપી): અમેરિકાની ૨૫૦મી વર્ષગાંઠની આગામી ઉજવણી, ધ ગ્રેટ અમેરિકન સ્ટેટ ફેરમાંથી તાજેતરમાં કેટલાંક સંગીત કલાકારો પાછા હટી ગયા હતા, જેનું આંશિક કારણ આ કાર્યક્રમ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે જોડાયેલો હોવાનું હતું. હવે, ખુદ ટ્રમ્પ આ ઉત્સવમાં મુખ્ય આકર્ષણ તરીકે સામેલ થવાના છે, તેમ આયોજકોએ શનિવારે જણાવ્યું હતું. હું સમજી શકું છું કે કલાકારોને તેમના પર્ફોર્મન્સને લઈને 'ગભરાટ' થઈ રહ્યો છે, ટ્રમ્પે શનિવારે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કર્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે તેઓ આ બાબતે વિચારી રહ્યા છે કે, જેમને કેટલાક લોકો ઈતિહાસના સૌથી મહાન પ્રમુખ કહે છે તેવા માણસ, ડોનાલ્ડ જે. ટ્રમ્પને આ વધુ પડતી ફી વસૂલતા, થર્ડ ક્લાસ 'કલાકારો'ની જગ્યાએ લાવવામાં આવે. વોશિંગ્ટનના નેશનલ મોલ ખાતે જૂન મહિનામાં યોજાનારા આ મેળાનું આયોજન કરનાર જૂથ 'ફ્રીડમ ૨૫૦' એ એક નિવેદનમાં આ જાહેરાતને સમર્થન આપતા લખ્યું કે, અમે એ જાહેરાત કરતા ઉત્સાહિત છીએ કે પ્રમુખ ટ્રમ્પ વ્યક્તિગત રીતે બુધવાર, ૨૪ જૂનના રોજ આ ઐતિહાસિક ઉજવણીની શરૂઆત કરશે. ગયા અઠવાડિયે બ્રેટ માઈકલ્સ, ધ કોમોડોર્સ અને માર્ટિના મેકબ્રાઈડ સહિતના કેટલાક કલાકારો આમાંથી બહાર નીકળી ગયા હતા.માઈકલ્સ અને અન્ય કલાકારોએ જણાવ્યું હતું કે શોની થીમ વિશે તેમને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા અથવા તેઓ કોઈ રાજકીય વિવાદમાં ફસાવાથી ડરતા હતા.

# તુર્કીયેમાં બસ અકસ્માત બાદ આગ લાગતાં શિશુ સહિત આઠના મોત

**બસ** હાઈવેના બેરિયર્સ સાથે અથડાયા પછી તેમાં આગ લાગી, 33 ઘાયલ



ઈસ્તંબુલ, તા. 31 (એપી) પશ્ચિમ તુર્કીયેમાં રવિવારે વહેલી સવારે એક બસનો અકસ્માત થયો હતો અને તેમાં આગ લાગી ગઈ હતી, જેમાં 9 મહિનાના માસૂમ બાળક સહિત આઠ લોકોનાં મોત થયાં હોવાનું સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે.

ડેમિરોરેન ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે, પામુક્કાલે ટૂરિઝમની માલિકીની આ બસ ઈઝમિરથી ભૂમધ્ય સમુદ્રના કિનારે આવેલા અંતાલ્યા શહેર તરફ 38 મુસાફરો અને ત્રણ સ્ટાફ સભ્યોને લઈને જઈ રહી હતી, ત્યારે સ્થાનિક સમય મુજબ વહેલી સવારે 1:40 વાગ્યે ડેનિઝલી પ્રાંતમાં હાઈવેના બેરિયર્સ સાથે અથડાઈ હતી. આ ઘટનામાં અંદાજે 33 લોકો ઘાયલ થયા છે.

પેજ3

## અભિનેતા અજિતના માતાના પાર્થિવ દેહના ચેન્નાઈમાં અંતિમ સંસ્કાર



ચેન્નાઈ, તા. ૩૧ (પીટીઆઈ) અભિનેતા અજિત કુમારના માતા મોહિની મણિના પાર્થિવ દેહના રવિવારે સવારે અહીં એક ખાનગી વિધિમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા, જેમાં પરિવાર અને નજીકના મિત્રો હાજર રહ્યા હતા. 89 વર્ષીય મણિનું લાંબી માંદગી બાદ શનિવારે વહેલી સવારે પરિવારના નિવાસસ્થાને ઊંઘમાં જ શાંતિપૂર્ણ રીતે અવસાન થયું હતું. અજિત, જેઓ વ્યાવસાયિક પ્રતિબદ્ધતાઓને કારણે દુબઈમાં હતા, તેઓ અંતિમ સંસ્કાર કરવા માટે તાત્કાલિક ચેન્નાઈ પરત ફર્યા હતા. પરિવારના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર, નજીકના સહયોગીઓ અને સંબંધીઓ તેમના અંતિમ દર્શન કરી શકે તે માટે આજે સવારે પાર્થિવ દેહને થોડા સમય માટે અભિનેતાના ઈંજમબક્કમ સ્થિત નિવાસસ્થાને રાખવામાં આવ્યો હતો. ત્યાર બાદ અંતિમયાત્રા બેસંત નગર ઇલેક્ટ્રિક સ્મશાનગૃહ તરફ આગળ વધી હતી, જ્યાં અંતિમ વિધિ ગંભીર અને ખાનગી રીતે કરવામાં આવી હતી.

## કરાચીના માજી મેયર અને હાલ પત્રકારનો દાવો, 'ધુરંધર'માં જે બતાવાયું તે સત્ય છે



મુંબઇ, તા. 31 : આદિત્ય ધારની 'ધુરંધર' અને 'ધુરંધર 2'ને પ્રોપેગેન્ડા ફિલ્મ ગણાવવામાં આવી રહી છે ત્યારે હવે એક પાકિસ્તાની પત્રકારે દાવો કર્યો છે કે ધુરંધરમાં દર્શાવવામાં આવેલી બધી ઘટનાઓ સંપૂર્ણપણે સાચી છે અને તેમણે તે જાતે જોઈ છે. કરાચીમાં જન્મેલા પત્રકાર, માનવાધિકાર કાર્યકર્તા અને પાકિસ્તાનના કરાચીના ભૂતપૂર્વ મેયર આરિફ આજકિયાએ ટોક જર્નાલિઝમ નામના એક કાર્યક્રમ દરમિયાન આ દાવો કર્યો હતો. તેમણે સમજાવ્યું હતું કે "ધુરંધર" માં દર્શાવવામાં આવેલી ઘટનાઓ સમયે તેઓ લ્યારીમાં હતા અને ત્યાં જ મોટા થયા હતા. મારો જન્મ અને ઉછેર લ્યારીમાં થયો હતો, તેથી મને ખબર હતી કે ફિલ્મમાં દર્શાવવામાં આવેલી દરેક વસ્તુ સાચી છે.

# દિલ્હીમાં બહુમાળી ઇમારત તૂટવાની ઘટનામાં છનાં મોત

**મૃતકોમાં** ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ પણ શામેલ

**મહાનગર** પાલિકાના બે ઇજનેરો સસ્પેન્ડ, દિલ્હી સરકારનો મેજિસ્ટ્રેટ તપાસનો આદેશ



નવી દિલ્હી, તા. ૩૧(પીટીઆઈ): દક્ષિણ દિલ્હીમાં સાકેત મેટ્રો સ્ટેશન નજીક એક વ્યાપારી બિલ્ડિંગ ધરાશાયી થવાની ઘટનામાં રવિવારે મૃત્યુઆંક વધીને છ થયો છે, જ્યારે અન્ય કેટલાક લોકોને કાટમાળમાંથી બચાવીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે ઘાયલ અને મૃત્યુ પામેલા લોકોમાંથી કેટલાક ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ પરીક્ષાની તૈયારી કરી રહ્યા હતા. સાકેતનો જે વિસ્તારમાં બિલ્ડિંગ ધરાશાયી થયું છે તે વિદેશી દેશોમાં મેડિકલ અને એન્જિનિયરિંગના અભ્યાસમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે કોચિંગનું હબ છે. આ ઘટના શનિવારે સાંજે સૈદુલાજાબ વિસ્તારમાં વેસ્ટર્ન માર્ગ પર બની હતી જ્યારે બહુમાળી ઈમારત અચાનક તૂટી પડી હતી. આ ઈમારતમાં કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ, કાફે અને ઓફિસો આવેલી હતી, જ્યારે બિલ્ડિંગ ધરાશાયી થયું તે સમયે તેના ઉપરના માળે બાંધકામ ચાલી રહ્યું હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (સાઉથ) અનંત મિત્તલે પીટીઆઈને જણાવ્યું હતું કે, આ ઘટનામાં કુલ છ લોકોના મોત થયા છે. બચાવ કામગીરી ચાલી રહી છે. મૃતકોની ઓળખ રવિ (૨૪), કપિલ (૨૮), નલિન રોય (૨૩), આલોક, પાર્વતી (૩૫) અને એકતા (૨૪) તરીકે થઈ છે.

બચાવ કામગીરી દરમિયાન કાટમાળમાંથી કુલ ૧૪ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાંથી આઠ લોકોને ઈજાઓ થઈ હતી અને છ લોકોએ અંતે દમ તોડ્યો હતો, જેથી મૃત્યુઆંક છ પર પહોંચ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે તમામ ફસાયેલા લોકો મળી આવ્યા બાદ અને કાટમાળની સંપૂર્ણ તપાસ કર્યા પછી બચાવ કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

દરમિયાન, એમસીડી (MCD) ના સાઉથ ઝોનના ડેપ્યુટી કમિશનરના આદેશ અનુસાર, જે બિલ્ડિંગ ધરાશાયી થયું છે તેની દેખરેખમાં કથિત ક્ષતિઓ બદલ આસિસ્ટન્ટ એન્જિનિયર (બિલ્ડિંગ) સુદેશ સિંહ ચૌહાણ અને જુનિયર એન્જિનિયર (બિલ્ડિંગ) અમન જૈનને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ રવિવારે બિલ્ડિંગ ધરાશાયી થવાના સ્થળની મુલાકાત લીધી હતી. સરકારે આ મામલે મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા છે. મહેરાઉલી પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર (FIR) નોંધવામાં આવી છે, જ્યારે મુખ્યમંત્રીના નિર્દેશ પર દક્ષિણ જિલ્લા મેજિસ્ટ્રેટની દેખરેખ હેઠળ આ તપાસ હાથ ધરવામાં આવશે.

